Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:4.081
Volume-12, Issue-4, March-2019 www.researchguru.net

# A Study Of the Correlation between Curiosity and Problem Solving Ability and Achievement Motivation Of Primary School Students

# પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની જીજ્ઞાસાવૃત્તિનો તેઓની સમસ્યા ઉકેલ શક્તિ અને સિદ્ધિ પ્રેરણા વચ્ચેના સહસબંધનો અભ્યાસ

**હિતેશકુમાર આર.પટેલ**
સંશોધક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
ઈમેલ:hiteshptl221@gmail.com મોબાઈલનં:9427769197

Abstract: પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિધાર્થીઓની જીજ્ઞાસાવૃત્તિનો તેઓની સમસ્યા ઉકેલ શક્તિ અને સિદ્ધિ પ્રેરણા વચ્ચેના સહસબંધનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ માટે પ્રણવ એસ.પટેલ રચિત જીજ્ઞાસાવૃતિ માપદંડનો ઉપયોગ કર્યો હતો. પ્રસ્તુત જીજ્ઞાસાવૃતિ માપદંડમાં 40 પંચબિંદુ વિધાનોનો સમાવેશ કરેલ છે.ઉપરાંત જનસારી રચિત સિદ્ધિ પ્રેરણા માપદંડ અને એન.એન. દુબે રચિત સમસ્યા ઉકેલ શક્તિ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાની 6 પ્રાથમિક શાળાઓના ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા 300 વિદ્યાર્થીઓને નમુના તરીકે પસંદ કરી માહિતી એકત્ર કરી હતી. પ્રસ્તુત અભ્યાસ માટે વિધાર્થીઓના પ્રાપ્તાંકોને આધારે શાળાઓના વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ માપદંડ અને સમસ્યા ઉકેલ સમસ્યા ઉકેલ શક્તિ તેમજ જિજ્ઞાસાવૃત્તિ માપદંડ અને સિદ્ધિ પ્રેરણા કસોટીના કુલ પ્રાપ્તાંકો વચ્ચેના સહસબંધ તપાસવા માટે પિયર્સન પરિબળ ગુણાકારથી સહસબંધ ની ગણતરી કરી તારણો તારવેલ છે.

## પ્રસ્તાવના:

પ્રકૃતિની ગોદમાં રમતો માનવી પ્રકૃતિને માણતાં માણતાં તેને સમજવાનો પ્રયત્ન કરે છે. ત્યારે તેને પ્રકૃતિની રચના સમજવા માટેની જિજ્ઞાસા પેદા થાય છે. આ જીજ્ઞાસાને પોષવા માટે માનવી પહેલાં અવૈજ્ઞાનિક અને પછી વૈજ્ઞાનિક રીતે પ્રયત્ન કરે છે તેમજ ચિંતન કરે છે. માણસના આ ચિંતનને જયારે ચોક્કસ દિશા મળે અને તે પ્રકૃતિને વ્યવસ્થિત અને તર્કબધ્ધ રીતે સમજતો થાય ત્યારે તેને નવું જ્ઞાન મળે છે અને તેની જીજ્ઞાસા સંતોષાય છે.

પ્રાચીન સમયમાં તત્વચિંતક સોક્રેટીસ શહેરોની શેરીઓમાં વિહાર કરી યુવાનોના મનમાં પ્રશ્નો ઉભા કરી યુવાનોમાં જીજ્ઞાસા પેદા કરી શિક્ષણ આપતા હતા,વેદકાલીન સમયમાં ઋષિ મુનીઓ પણ તેમના વિદ્યાર્થીઓના મનમાં જીજ્ઞાસાના બીજ રોપીને શિક્ષણ આપતા હતા. ગાંધીજી (1937)ના અનુસાર " જેની પાસે આ મુલાગ્ર વિચાર હોય, જીજ્ઞાસા હોય તેની પાસે કેળવણી વિષે અમુક દર્શન છે તેમ કહેવાય." પાયાની કેળવણીથી લઇ ઉચ્ચ વૈજ્ઞાનિક શોધો માટે જીજ્ઞાસા એક અગત્યનું પરિબળ છે.

## સંશોધન સમસ્યા :

પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની જીજ્ઞાસાવૃત્તિનો તેઓની સમસ્યા ઉકેલ શક્તિ અને સિદ્ધિ પ્રેરણા વચ્ચેના સહસબંધનો અભ્યાસ

## સંશોધનના હેતુઓ :

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ મુજબના હતા.

1.વિદ્યાર્થીઓની જીજ્ઞાસાવૃત્તિનો અભ્યાસ કરવો.
2.જીજ્ઞાસાવૃત્તિ અને સમસ્યા ઉકેલ શક્તિ વચ્ચેનો સબંધ તપાસવો.
3. જીજ્ઞાસાવૃત્તિ અને સિધ્દ્ધિ પ્રેરણા વચ્ચેનો સબંધ તપાસવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ** :

$Ho_1$.વિદ્યાર્થીઓની જીજ્ઞાસાવૃત્તિના પ્રાપ્તાંકો અને તેમના સમસ્યા ઉકેલ શક્તિ કસોટીના પ્રાપ્તાંકો વચ્ચેનો સહસબંધ સાર્થક નહીં હોય.

$Ho_2$. વિદ્યાર્થીઓની જીજ્ઞાસાવૃત્તિના પ્રાપ્તાંકો અને તેમના સિધ્દ્ધિ પ્રેરણા સંશોધિનીના પ્રાપ્તાંકો વચ્ચેનો સહસબંધ સાર્થક નહીં હોય.

**અભ્યાસના ચલ**:

વ્યક્તિ,જૂથ કે પર્યાવરણનું કોઈ પણ લક્ષણ કે જે બદલાઈ શકે છે તે ચલ તરીકે ઓળખાય છે. પ્રસ્તુત અભ્યાસમાં ચલ આ મુજબ છે.

- સ્વતંત્ર ચલ:
  1. સમસ્યા ઉકેલ શક્તિ
  2. સિધ્દ્ધિ પ્રેરણા
- પરતંત્ર ચલ:
  1. જીજ્ઞાસાવૃત્તિના પ્રાપ્તાંકો

**સંશોધનની મર્યાદા**:

પ્રસ્તુત અભ્યાસમાં સમસ્યા ઉકેલ શક્તિ અને સિધ્દ્ધિ પ્રેરણાના સંદર્ભમાં જીજ્ઞાસાવૃત્તિનો અભ્યાસ કરેલ છે.

**સંશોધનનુંક્ષેત્ર** :

પ્રસ્તુત સંશોધનમાં જીજ્ઞાસાવૃત્તિએ મનોવિજ્ઞાન સાથે જોડાયેલ બાબત હોવાથી અભ્યાસનું ક્ષેત્ર શિક્ષણનું મનોવિજ્ઞાન છે.

**અભ્યાસનો નમુનો**:

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાની 6 પ્રાથમિક શાળાઓના ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા 300 વિદ્યાર્થીઓને નમુના તરીકે પસંદ કર્યા હતા. નમુનાની માહિતી સારણી નં 1 માં દર્શાવેલ છે.

**સારણી નં- 1**

**નમુનાની માહિતી**

| ક્રમ | શાળાનુંનામ | વિસ્તાર | જાતિ | | કુલ |
|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | |
| 1 | કાંસા પ્રાથમિક શાળા નં-1 | ગ્રામ્ય | 25 | 25 | 50 |
| 2 | કાંસા પ્રાથમિક શાળા નં-2 | ગ્રામ્ય | 25 | 25 | 50 |
| 3 | થલોટા પ્રાથમિક શાળા | ગ્રામ્ય | 25 | 25 | 50 |
| 4 | વિસનગર પ્રાથમિક શાળા નં-2 | શહેરી | 25 | 25 | 50 |
| 5 | વિસનગર પ્રાથમિક શાળા નં-3 | શહેરી | 25 | 25 | 50 |
| 6 | વિસનગર પ્રાથમિક શાળા નં-4 | શહેરી | 25 | 25 | 50 |
| કુલ | | | 150 | 150 | 300 |

**સંશોધન પદ્ધતિ**:

પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે વર્ણનાત્મક સંશોધન પધ્ધતિઓનો પેટા પ્રકાર છે.

**સંશોધનનું ઉપકરણ**:

પ્રસ્તુત અભ્યાસ માટે અભ્યાસકે પ્રણવ એસ.પટેલ રચિત જીજ્ઞાસાવૃતિ માપદંડનો ઉપયોગ કર્યો હતો. પ્રસ્તુત રચિત જીજ્ઞાસાવૃતિ માપદંડમાં 40 પંચબિંદુ વિધાનોનો સમાવેશ કરેલ છે. ઉપરાંત જનસારી રચિત સિદ્ધિ પ્રેરણા માપદંડ અને એન.એન. દુબે રચિત સમસ્યા ઉકેલ શક્તિ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ**:

અભ્યાસ માટે અભ્યાસકે માહિતી એકત્ર કરવા માટે શાળાના ઉચ્ચ પ્રાથમિક વિભાગોમાં અભ્યાસ કરતા બાળકોને જિજ્ઞાસાવૃત્તિ માપદંડ અને સિદ્ધિ પ્રેરણા માપદંડ અને સમસ્યા ઉકેલ શક્તિ કસોટીનું અમલીકરણ કરી માહિતી એકત્ર કરી હતી

**પૃથક્કરણ અને અર્થઘટન**:

- **જિજ્ઞાસાવૃત્તિ અને સમસ્યા ઉકેલ શક્તિ વચ્ચેનો સબંધ**

અભ્યાસમાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ માપદંડ અને સમસ્યા ઉકેલ સમસ્યા ઉકેલ શક્તિ કસોટીના કુલ પ્રાપ્તાંકો વચ્ચેના સહસંબંધની ગણતરી કરવામાં આવેલ છે.

જિજ્ઞાસાવૃત્તિ અને સમસ્યા ઉકેલ શક્તિ વચ્ચેનો સહસબંધ તપાસવા માટે પિયર્સન પરિબળ ગુણાકાર સહસબંધ સૂત્રનો ઉપયોગ કરવામાં આવેલ છે.ગણતરીના અંતે પ્રાપ્ત સહસબંધ મૂલ્ય સારણી નં-2 માં દર્શાવેલ છે.

**સારણી નં-2**

| | | |
|---|---|---|
| જિજ્ઞાસાવૃત્તિ | 1 | 0.83 |
| સમસ્યા ઉકેલ શક્તિ | 0.83 | 1 |

- **જિજ્ઞાસાવૃત્તિ અને સિદ્ધિ પ્રેરણા વચ્ચેનો સબંધ**

અભ્યાસમાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ માપદંડ અને સિદ્ધિ પ્રેરણા કસોટીના કુલ પ્રાપ્તાંકો વચ્ચેના સહસંબંધની ગણતરી કરવામાં આવેલ છે.

જિજ્ઞાસાવૃત્તિ અને સિદ્ધિ પ્રેરણા વચ્ચેના સહસબંધ તપાસવા માટે પિયર્સન પરિબળ ગુણાકાર સહસબંધ સૂત્રનો ઉપયોગ કરવામાં આવેલ છે.ગણતરીના અંતે પ્રાપ્ત સહસબંધ મૂલ્ય સારણી નં-3 માં દર્શાવેલ છે.

**સારણી નં-3**

| | | |
|---|---|---|
| જિજ્ઞાસાવૃત્તિ | 1 | 0.78 |
| સિદ્ધિ પ્રેરણા | 0.78 | 1 |

**તારણો**: પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે ઉત્કલ્પનાઓના સંદર્ભમાં તારણો આ મુજબ છે.

**$Ho_1$**. વિદ્યાર્થીઓની જીજ્ઞાસાવૃત્તિના પ્રાપ્તાંકો અને તેમના સમસ્યા ઉકેલ શક્તિ કસોટીના પ્રાપ્તાંકો વચ્ચેનો સહસબંધ સાર્થક નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી માટે r સહસબંધ દ્વારા મળેલ મૂલ્ય 0.83 હતું.પ્રસ્તુત ઉત્કલ્પનાનો ઉચ્ચ સહસબંધ જોવા મળ્યો હતો.જેથી કહી શકાય કે જીજ્ઞાસાવૃત્તિ અને સમસ્યા ઉકેલ શક્તિ એકબીજા સાથે સંકળાયેલા છે.

**તારણ:**

**$Ho_1$** જે બાળકોમાં સમસ્યા ઉકેલ શક્તિ વધુ હતી તે બાળકોમાં જીજ્ઞાસાવૃત્તિ વધુ જોવા મળી છે.

**$Ho_2$**. વિદ્યાર્થીઓની જીજ્ઞાસાવૃત્તિના પ્રાપ્તાંકો અને તેમના સિધ્ધિ પ્રેરણા સંશોધિનીના પ્રાપ્તાંકો વચ્ચેનો સહસબંધ સાર્થક નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી માટે r સહસબંધ દ્વારા મળેલ મૂલ્ય 0.78 હતું.પ્રસ્તુત ઉત્કલ્પનાનો ઉચ્ચ સહસબંધ જોવા મળ્યો હતો.જેથી કહી શકાય કે જીજ્ઞાસાવૃત્તિ અને સિધ્ધિ પ્રેરણા એકબીજા સાથે સંકળાયેલા છે.

**તારણ:**

**$Ho_2$** જે બાળકોમાં સિધ્ધિ પ્રેરણા વધુ હતી તે બાળકોમાં જીજ્ઞાસાવૃત્તિ વધુ જોવા મળી છે.

## <u>સંદર્ભસૂચી</u>


Buch,M.B.(Eds.).(1979). **Second Survey of Research in Education**.Baroda: SERD.

Buch,M.B.(Eds.).(1987). **Third Survey of Research in Education**.New Delhi: NCERT.

Buch,M.B.(Eds.).(1991). **Fourth Survey of Research in Education**.New Delhi: NCERT.

ઉચાટ ડી.એ. (1988). **સંશોધનનું સંદોહન.** રાજકોટ : શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી.

દેસાઇ.એચ.જી., અને અન્યો. (૧૯૮૪). **શૈક્ષણિક પરિભાષા અને વિભાવના.** અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ- ગુજરાત રાજ્ય.

જોષી,એચ.ઓ.(૧૯૮૫). **સંશોધન અહેવાલની લેખન ભૂલો.** રાજકોટ:આશુતોષ પ્રકાશન.

પારેખ, બી.યુ., અને ત્રિવેદી,એ.ડી. (૧૯૮૧). **શિક્ષણમાં આંકડાશાસ્ત્ર** (૨થી.આ.). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ- ગુજરાત રાજ્ય.

પટેલ,આર.એસ.(૨૦૦૮).**શૈક્ષણિક માપન અને મૂલ્યાંકનની સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓ.** અમદાવાદ:જય પબ્લીકેશન.

પારેખ,બી.યુ.,અને ત્રિવેદી,એ.ડી.(૧૯૯૪). **શિક્ષણમાં આંકડાશાસ્ત્ર** (૪થી.આ.). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ- ગુજરાત રાજ્ય.

ઉચાટ,ડી.એ.(૨૦૦૪).**માહિતી પર સંશોધન વ્યવહારો** (૧લીઆ.).રાજકોટ:શાંત ૩-ટાગોર નગર,અમીન માર્ગ પાસે.

ઉચાટ,ડી.એ.(૨૦૦૯).**શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિ શાસ્ત્ર.**રાજકોટ: શાંત ૩-ટાગોર નગર,અમીન માર્ગ પાસે.

ઉચાટ,ડી.એ.(૧૯૮૮).**સંશોધનનું સંદોહન.**રાજકોટ:શિક્ષણ શાસ્ત્ર ભવન,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ,ડી.એ.,અને અન્યો. (૨૦૦૬). **શૈક્ષણિક સંશોધનોનાં સારાંશ** (૧૯૭૮-૨૦૦૬).રાજકોટ: શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

મોલિયા, એમ.એસ. (૨003), **વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ.** રાજકોટ : અર્થ ગ્રાફીકસ.